1. કુમારગુપ્ત પ્રથમના રાજ્યમાં વહીવટીતંત્ર ચલાવવા કયા કયા અધિકારીઓ હતા?

- કુમારગુપ્ત પ્રથમના રાજ્યમાં વહીવટીતંત્ર ચલાવવા મુખ્યત્વે સાર્થવાહક, નગરશ્રેષ્ઠી, પ્રથમ કાયસ્થ વગેરે અધિકારીઓ હતા.

2. નાલંદા વિદ્યાપીઠની સ્થાપના કોના સમયમાં થઈ હતી ?

- નાલંદા વિદ્યાપીઠની સ્થાપના કુમારગુપ્ત પ્રથમના સમયમાં થઈ હતી.

3. સમ્રાટે સ્કંદગુપ્તના શાસનના પ્રારંભિક સમયમાં કોણે આક્રમણ કર્યા હતાં?

- સમ્રાટ સ્કંદગુપ્તના શાસનના પ્રારંભિક સમયમાં હૂણો અને શૃંગ જાતિના લોકોએ આક્રમણે કર્યા હતાં.

4. ગુપ્ત સામ્રાજયનું પતન થતાં કયા કયા રાજવંશનો ઉદય થયો?

- ગુપ્ત સામ્રાજયનું પતન થતાં વલભીના મૈત્રકો, રાજપૂતાનાના ગુર્જર-પ્રતિહારો, કનોજના મૌખરીઓ અને થાણેશ્વરના વર્ધન જેવા શાસકોના રાજવંશોનો ઉદય થયો.

5. સમ્રાટ હર્ષવર્ધનના પૂર્વજોનાં નામ ક્યાંથી મળી આવે છે?

- સમ્રાટ હર્ષવર્ધનના પૂર્વજોનાં નામ બાંસખેડા અને મધુવાનના અભિલેખો તથા નાલંદા અને સોનપદમાંથી પ્રાપ્ત થયેલા સિક્કાઓમાંથી મળી આવે છે.

6. પ્રભાકરવર્ધને કોને ખંડિયા રાજાઓ બનાવ્યા હતા?

- પ્રભાકરવર્ધને હુણો, સિંધી ગુર્જરો તથા માળવા અને ગાંધારના રાજાઓ પર આધિપત્ય સ્થાપીને તેમને પોતાના ખંડિયા રાજા બનાવ્યા હતા .

7. સમ્રાટ હર્ષવર્ધને ગૌડ રાજવી શશાંક પર આક્રમણ કરવા કોની સાથે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કર્યા હતા? .

- સમ્રાટ હર્ષવર્ધને ગૌડ રાજવી શશાંક પર આક્રમણનીતૈયારીના ભાગરૂપે કામરૂપ (અસમ)ના રાજા ભાસ્કરવમાં સાથે કુનેહપૂર્વક મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કર્યા હતા.

8. ગુપ્તયુગમાં ભારતમાંથી કઈ કઈ વસ્તુઓની નિકાસ થતી હતી?

- ગુપ્તયુગમાં ભારતમાંથી નિકાસ થતી ચીજોમાં હીરા, માણેક, મોતી, ઝવેરાત, વસ્ત્રો, સુગંધિત દ્રવ્યો, ગળી, કોપર, તેજાના , હાથીદાંત અને જંગલની પેદાશોનો સમાવેશ થતો હતો.